સૂચના ક્રમાંક:: 15/2/22

સૂચના મળવાની તારીખ: : 17/06/2023

સમય:: 11:29 AM

**સહી/હસ્તક્ષાર**

કચેરીના ઉપયોગ માટે

## બિન-સરકારી કામકાજ-બિન સરકારી સંકલ્પો (નિયમ- ૧૧૭)

વિષય   કિસાન સુર્યોદય યોજના અંગે.

સૂચના મળ્યા તારીખ:   17/06/2023

મંત્રી:   દેસાઇ શ્રી કનુભાઇ મોહનલાલ

ગૃહમાં જવાબ આપવાની તારીખ: ........................................................................

---

મોકલનાર/પ્રેષક:

શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા(84) , સભ્યશ્રી

પ્રતિ

સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગુજરાત-૧

શ્રીમાન,

આપનો વિશ્વાસુ,

શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા(84)
સભ્યશ્રી
17/06/2023 11:29 AM
મતવિસ્તાર ક્રમાંક અને નામ:84

અગ્રતા ક્રમ :-

* ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ જણાવવા કૃપા કરશે કે:- :

k   રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ અર્થતંત્ર ધબકતુ કરવા તેમજ ગ્રામજનોના જીવનમાં સામાજિક- આર્થિક પરિવર્તન લાવવા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. તે જ રીતે રાજ્યના ખેડૂતોને દિવસના સમયમાં ખેતી માટે વીજળી ઉપલબ્ધ થાય તે અર્થે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મુકવામાં આવી છે.

પાણી અને વીજળી એ ખેડૂતોની પ્રાથમિક જરૂરીયાત છે. કિસાન સૂર્યોદય યોજના જ્યોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી યોજના છે જે થકી ખેડૂતોને દિવસના સમયમાં ગુણવત્તાયુક્ત વીજપુરવઠો ઉપલબ્ધ થશે.

રૂપિયા ૩૫૦૦ કરોડની આ યોજના હેઠળ ગુજરાતના અંદાજે ૪૦૦૦ જેટલા ગામોને લાભ મળવાનો શરૂ થયો છે. એટલું જ નહિ વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા રાજ્ય સરકાર કટીબધ્ધ છે. આ યોજનાના અમલીકરણથી ખેડૂતોને હવે રાતને બદલે દિવસે ખેતી કરવાની સવલત મળતા પાક ઉત્પાદનમાં અનેકગણો વધારો થશે. ઉપજની આવક વધતા કિસાન પરિવારોમાં સમૃધ્ધિનો સૂરજ ઉગશે.

રાજ્યના ખેડૂતો માટે આર્શિવાદરૂપ કિસાન સૂર્યોદય યોજનાનો સમગ્ર રાજ્યમાં વહેલી તકે સંપૂર્ણ અમલ થાય તે માટે જરૂરી પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.